ક્માંક:રાપબો/એ.ટી.ડી. પરીક્ષા/પરિણામ/૨૦૨૩/૨૦૨૭૪- ૨૦૨૮૬

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા.
સરકારી પુસ્તકાલય સામે,
સેક્ટર-૨૧, ગાંધીનગર
ઇ-મેલ: gseb21@gmail.com
તારીખ: ૧૮/૦૭/૨૦૨૩

જાહેરનામુ:-

વંચાણે લીધા: (૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્માંક: રાપબો/ATD/૨૦૨૨-૨૩/૧૯૮૧-૯૮, તા:૨૦/૦૨/૨૦૨૩

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા. ગાંધીનગર દ્વારા આમુખ-૧ અનુસારના જાહેરનામા અનુસાર એ.ટી.ડી. પ્રથમ અને દ્વિતિય વર્ષ નવા અને જૂના અભ્યાસક્રમની પરીક્ષાઓ વર્ષ-૨૦૨૩ વિવિધ કેન્દ્રો પરથી લેવામાં આવી હતી. એ.ટી.ડી. પ્રથમ વર્ષ અને દ્વિતિય વર્ષ નવા અને જૂના અભ્યાસક્રમની પરીક્ષાનું પરિણામ આજ તા.૧૮/૦૭/૨૦૨૩ ના રોજ જાહેર કરવામાં આવે છે. ઉક્ત તમામ પરીક્ષાના પરિણામ રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઇટ www.sebexam.org પર પણ જોવા મળશે. સંબંધિત સંસ્થાના ઉપસ્થિત થયેલ ઉમેદવારોના માર્કશીટ/પ્રમાણપત્ર/માઇગ્રેશન સંસ્થાના આચાર્યશ્રીને મોકલી આપવામાં આવશે. જે સંસ્થાના આચાર્યશ્રીએ સંસ્થાના રેકર્ડ સાથે ચોક્કસાઇ પૂર્વક ચકાસણી કરી, સંબંધિત તાલીમાર્થીઓને સત્વરે સુપ્રત કરવાનાં રહેશે.

**એ.ટી.ડી. પરીક્ષા પરિણામ - ૨૦૨૩ ની વિગત નીચે મુજબ છે.**

| ક્મ | પરીક્ષાનું નામ | કુલ ઉમેદવાર | ઉપસ્થિત ઉમેદવારો | પાસ | નાપાસ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| ૧ | એ.ટી.ડી. પ્રથમ વર્ષ નવો અભ્યાસક્મ | ૯૪ | ૮૫ | ૮૩ | ૨ | ૯૭.૬૫% |
| ૨ | એ.ટી.ડી. પ્રથમ વર્ષ જૂનો અભ્યાસક્મ | 3 | 3 | 3 | 0 | 100% |
| ૩ | એ.ટી.ડી. દ્વિતિય વર્ષ નવો અભ્યાસક્મ | ૧૬૦ | ૧૫૨ | ૧૫૧ | ૧ | ૯૯.3૪% |
| ૪ | એ.ટી.ડી. દ્વિતિય વર્ષ જૂનો અભ્યાસક્મ | 3 | 3 | 3 | 0 | 100% |

જે ઉમેદવાર ઉત્તરવહીના ગુણ ચકાસણી કરાવવા ઇચ્છતા હોય તેમણે તે અંગેની અરજી (રીચેકિંગનું ફોર્મ) તથા ગુણ ચકાસણી ફી વિષય દીઠ રૂ.૧૦૦/- (અંકે રૂપિયા સો) ભરવાની રહેશે. આ મુજબ ગુણ ચકાસણી ફીની કુલ રોકડ રકમ તથા અરજી પરિણામ જાહેર કર્યા તારીખથી દિન-૭ માં, તા:૨૬/૦૭/૨૦૨૩ સુધીમાં ઉમેદવારે પોતાની સંસ્થા ખાતે જમા કરાવવાની રહેશે. તાલીમાર્થીની સીધી અરજી અત્રેની કચેરીએ સ્વીકારવામાં આવશે નહીં. આ ગુણ ચકાસણી માત્ર થીયરીના વિષયો અને વાર્ષિક પ્રેક્ટિકલ પરીક્ષાની કામગીરીના પેપરોમાં જ થઈ શકશે. ગુણચકાસણી અંગેની અરજીઓ (ફોર્મ) તથા ગુણ ચકાસણી માટે એકત્ર કરેલ ફીની કુલ રકમનો ડી.ડી. સંસ્થાએ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને તા.૨૮/૦૭/૨૦૨૩ સુધીમાં મોકલી આપવાના રહેશે. ગુણ ચકાસણી ફી ની રકમનો આ ડિમાન્ડ ડ્રાફ્ટ 'સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર' ના નામનો કાઢવાનો રહેશે. આ ફોર્મ અને ડિમાન્ડ ડ્રાફ્ટ જે-તે સંસ્થાએ બોર્ડને મોકલી આપવાની અંતીમ તારીખ વિતિ ગયા બાદ સ્વીકારવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

પ્રતિ
-આચાર્યશ્રી, એ.ટી.ડી. કોલેજ (સંબંધિત)

**નકલ સવિનય રવાના જાણ સારૂ:**
-માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર
-માન.(રાજ્યકક્ષાના) શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
-માન. સચિવશ્રી (પ્રા.અને મા. શિક્ષણ) ના અંગત મદદનિશશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
-કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી, ગાંધીનગર

Scanned with OKEN Scanner